॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં -૨૦૭૮ ● અષાઢ સુદ-૧૩ ● તા.૧૨-૦૭-૨૨ ● મંગળવાર ● SDP No.: 810 MOB.:+91 7801877774, +91 7718977774 ankasantandharmpatrika@gmail.com

કેન્સર નિદાન કેમ્પ –સાબર રીજીયન, હિંમતનગર ડિવિઝન

તા.10/07/2022 ને રવિવારના રોજ સવારે 9.00 કલાકે નવાનગરકંપા ખાતે સાબર રીજીયન અને હિંમતનગર ડિવિઝનના હેલ્થ એન્ડ ડિઝાસ્ટર ટીમ તેમજ સનાતન મેડીકોઝ ટીમ આયોજીત કેન્સર નિદાન કેમ્પ યોજવામાં આવ્યો આ કેમ્પમાં કુલ 84 જેટલી મહિલાઓએ ભાગ લીધેલ.

કાર્યકમની શરૂઆતમાં સૌ પ્રથમ રીજીયન ચેરમેનશ્રી દિલીપ ધોળુ સ્થાન ગ્રહણ કરાવ્યા બાદ હિમતનગર ડિવિઝન સેક્રેટરી દિનેશ નાકરાણીને સ્થાન ગ્રહણ કરાવેલ ત્યારબાદ ઉપસ્થિતિત મહેમાનોનું સ્થાન ગ્રહણ કરાવવામાં આવેલ.

1.જેઠાભાઇ હળપાણી – મહામંત્રીશ્રી સાબરકાંઠા ઝોન સમાજ

2.ઇન્દુબેન દિલીપભાઈ ભગત – પ્રમુખ શ્રીમતી નવાનગર કંપા મહિલા મંડળ

3.મંજુલાબેન વસંતભાઇ છાભૈયા – પ્રમુખ શ્રીમતી 24 કંપા સનાતન સમાજ મહિલા મંડળ

4.મહેશ જસવંતભાઈ માકાણી – પ્રમુખ નવાનગર યુવક મંડળ

5.ડો.અમૃતભાઇ ધોળું – કન્વીનરશ્રી સનાતન મેડીકોઝ ટીમ

6.ડો.મનોજ દિવાણી – H & D કન્વીનર હિમતનગર ડિવિઝન

7.ડો.મહેશભાઇ પોકાર – સનાતન મેડીકોઝ ટીમ

8.ડો.નિલેષભાઈ પટેલ – સનાતન મેડીકોઝ ટીમ

9.ડો.અર્પિતભાઈ રામાણી – સનાતન મેડીકોઝ ટીમ

10.ડો.જયદેવ માકાણી – સનાતન મેડીકોઝ ટીમ

11.ડો.આર.એસ. પટેલ - સનાતન મેડીકોઝ ટીમ

12.દિનેશભાઇ સુરાણી – સરપંચશ્રી નવાનગર કંપા

13.ડો.આકૃતિબેન – GCRI ટીમ અમદાવાદ

14.ડો.નિશુબેન–G C R I ટીમ અમદાવાદ

મહેમાનોને સ્થાન ગ્રહણ કરાવ્યા બાદ સમૂહ પ્રાર્થના કરી અને દીપ પ્રગટયા કરવામાં આવ્યું. ત્યારબાદ આવેલ મહેમાનો અને સમાજના સભ્યોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું.

પ્રથમ કેન્સર ચેકઅપ કેમ્પ અને તેના નિદાન અંગે પ્રાથમિક માહિતી આવેલ ડો.નિશુબેન દ્વારા મહિલાઓને આપવામાં આવી. ત્યારબાદ ડો. અમૃતભાઇ ધોળું દ્વારા GCRI, કેન્સર કેમ્પ અને સંજીવની રથ, ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવે છે તે અંગે વધુ માહિતી આપવામાં આવી.

ત્યારબાદ સાબરકાંઠા સમાજ ઝોન મહામંત્રીશ્રી જેઠાભાઇ હળપાણી દ્વારા આ કેમ્પ કરવા બદલ યુવાસંઘ અને સનાતન મેડીકોઝ ટીમ તેમજ આવેલ ડોક્ટર ટીમ GCRI, અમદાવાદ નો આભાર માનેલ અને આપણી સમાજની દરેક મહિલાઓએ આવા કેમ્પમાં ભાગ લેવા જણાવેલ.

ત્યારબાદ યુવાસંઘ સાબર રીજીયન ચેરમેન દિલીપ ધોળું દ્વારા આવેલ સમાજની દરેક મહિલાઓ જેમને આ કાર્યક્રમમાં ભાગ લીધો છે તેમનો, આવેલ દરેક ડોક્ટર ટીમ, નવાનગર મહિલા મંડળ, નવાનગર યુવક મંડળ તેમજ નવાનગર ગ્રામજનનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમને ખૂલો મૂકવામાં આવ્યો.

આ કાર્યક્રમ સાથે-સાથે આપણી સમાજની પંચામૃત સમાન સનાતન મેડીકોઝ ટીમ દ્વારા જનરલ ચેક કેમ્પ પણ રાખવામા આવેલ, જેમાં સમાજના દરેક મહિલાઓ, પુરુષો તેમજ બાળકોએ ભાગ લીધેલ. મહિલા કેન્સર ચેકઅપ કેમ્પમાં કુલ 84 જેટલી મહિલાઓએ ભાગ લીધેલ.

હિંમતનગર ડિવિઝન યુવાસંઘ ટિમ દ્વારા વેબકોમ અને YSK નું કાર્ય પણ સાથે સાથે કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતમાંઆવેલ મહેમાનોને ભોજન પ્રસાદ કરાવ્યા બાદ કાર્યકર્મને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

આ કાર્યકર્મ ને સફળ બનાવવા માટે સાબર રીજીયન, હિમતનગર ડિવિઝન, સાબરકાંઠા ઝોન સમાજ, સનાતન મેડીકોઝ ટીમ તેમજ નવાનગર મહિલા મંડળ,યુવક મંડળ અને નવાનગર ગ્રામજનો નો ખુબજ સાથસહકાર મળેલ.

-ટીમ હિંમતનગર ડિવિઝન,
પ્રવકતા અમિત રામાણી.



ડોકટર ટીમ અને સમાજ અગ્રણીઓ સાથે હેલ્થ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ સાથે દીપ પ્રાગટ્ય કરી કેન્સર અવરનેશ કેમ્પ, હિંમતનગર



સાબર રીજીયન ચેરમેન દિલીપ ધોળું સાથે તેમની યુવા ટીમ મિશન આરોગ્ય નું અભિયાન

જન્મદિનની ઉજવણી

યુવાસંઘ તેલંગણા આંધ્રપ્રદેશ રિજીયન ના સક્રીય કાર્યકર્તા કિર્તી લધારામ લિંબાણીએ પોતાના જન્મદિવસ આજ તા.11-07-22 ના રોજ સર્વ પ્રથમ વૃક્ષા રોપણ કર્યું હતું અને ત્યારબાદ હર વર્ષની જેમ આ વર્ષે પણ રક્તદાન કરેલ.તેઓ ગત ટર્મમાં રામસેતુ કાઉન્સિલ યુવા ઉત્કર્ષ PDO તરીકે સેવા આપી હતી અને સ્થાનિકમાં તેઓ હમેશા નવા YSK સભ્યો બનાવવા પ્રયત્નશીલ રહે છે.

તેઓ હાલમાં સિકંદરાબાદ સમાજના મુસાપેટ કુકટપલ્લી એરીઆ સમાજમાં સહ કન્વીનર એટલે સહ મંત્રી તરીકે સેવા ભજવે છેઆવા ઉંડા કાર્ય કરનાર કિર્તી લધારામ લિંબાણીને TAP રિજીયન અભિનંદન પાઠવે છે

કચ્છ પશ્ચિમ નાં ઝોન સમાજ ના પ્રમુખ સાથે સંપૂર્ણ ટીમ આયોજન અને એકશન માટે મીટીંગ



શ્રી પ્રશ્ચિમ કરછ સમાજ ઝોન ના હોદ્દેદારો ની મિટિંગ તા:-10/07/22ના રોજ શ્રી પાટીદાર વિધાર્થી ભવન નખત્રાણા ખાતે આદરણીય પ્રમુખશ્રી રતનશીભાઈ સોમજીભાઇ ભીમાણી ના અધ્યક્ષ સ્થાને મળેલ.જેમા આગામી કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ.વર્તમાન પાણીની હેલી આવી તેના માટે જરૂરિયાત વાળા લોકો જે મદદ રૂપ થવું.ગામે ગામ સંપર્ક યાત્રા નાં પોગ્રામ આયોજનઆગામી રક્ષાબંધન નિમિતે શ્રી સમાજ અને મહિલાસંઘ અને યુવાસંઘ ની સભા અને અભિવાદન સમારોહ ને સફળ બનાવવા પૂરક બનીએ..આમ વર્તમાન સમયે જે અનુકૂળ થાય તે કરે..

પ્રવક્તા:શાંતિલાલ નાકરાણી,
મો:-9428470772

(સમજ ત્યાં સમાજ) વિશાખાપટ્ટનમ માં વિરાણી નાં પરિવારો

જન્મભૂમિ મૂકીને જયારે કર્મભૂમીમાં આવીએ છીએ છતાં પણ માદરે વતન ભુલાતું નથી.એમ વિસાખાપટ્નમ માં વસવાટ કરતા વિરાણી ગામની જુજ વસ્તીનું સંગઠન કરવા માટે'માધવ ટિમ્બર્સમાં વિરાણી મોટી ના સર્વે ભાઇઓ એકત્ર થયેલ.

અને વિચાર આપતા જણાવેલ કે આપણું પણ વિશાખાપટ્ટનમ માં પણ સંગઠન હોવું જરૂર છે.ઈ.સ.2005 માં એકજ પ્રસ્તાવ થી સર્વેની સહમતિ થી એક ગ્રુપ કરેલ, અને ગ્રુપનું નામ રાખેલ,

'વિરાણી મોટી (વિઝાગ)સમાજ' નક્કી કરેલ મુજબ અષાઢી બીજની આગળ અથવા પાછળ દરેક ના સંજોગને અનુરૂપ પરિવાર સહિત યોગ્ય સ્થળે એકત્ર થવું અને એકબીજા ના વિચારોની આપલે કરવી અને કાંઈક મનોરંજન કરી બપોર નું સ્વરૂચી ભોજન કરવું. નક્કી કર્યા મુજબ હરવર્ષે પોગ્રામ કરતાં રહેલ. ખુશીની વાત છે કે જયારે પુરષોત્તમ માસ આવતો હોય તે વર્ષે વિરાણી મોટીની વિઝાગમાં રહેતીયું દરેક દિકરીઓ ને ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે યાદ રહે એવી વસ્તુઓ આપીએ છીએ. પરંતુ કોરોનાના વિક્રાળ સમયમાં છેલ્લાં બે વર્ષ કાર્યક્રમ ને મુલતવી રાખવો પડ્યો.

અતિ આનંદથી તા:-10-07-2022 રવિવાર ના દિવસે સમાજનાં 'ઉમિયા ભવનમાં' એકત્ર થયેલ, છેલ્લાં બે વર્ષમાં સદગત થયેલાં જીવાત્માને શ્રધાંજલિ અર્પણ કરેલ. ત્યારબાદ એકબીજા ના પરિચય સાથે પારિવારિક ગ્રુપ ફોટો પાડેલ. મહિલાઓ દ્વારા આયોજિત અવનવી રમતો રમાડવામાં. હાલના સમયમાં વિસાખાપટ્નમ માં વિરાણી મોટી ની જનસંખ્યા 83 છે. બપોર નું સ્વરૂચી ભોજન ગ્રહણ બાદ સૌ ખુશવિભોર થયેલ.

આજના આયોજન ના ખર્ચના દાતા દેવશી ખેતા દિવાણી થયેલ.

આયોજનનું સંચાલન હંસરાજ કચરા દિવાણી એ કરેલ.

-પ્રવક્તા : હંસરાજ દીવાણી.

દેશના નવા સંસદ ભવનમાં મૂકાનાર રાષ્ટ્રીય પ્રતિક અશોક સ્થંભ દેશને સમર્પિત

વડા પ્રધાન મોદી દ્વારા પૂજા વિધિ થયા બાદ અશોક સ્થંભનુ પૂજન થયું

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા અતિવૃષ્ટિ પ્રભાવિત વિસ્તારો માટે મદદરૂપ થવા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શન હેઠળ પ્રદેશ કક્ષાએથી હેલ્પલાઈન શરૂ કરવામાં આવી.

લાલબાગ સમાજ મહિલા મંડળમાં ત્રિવેણી કાર્યક્રમ

તા. 09.07.22 ને શનિવારે દક્ષિણ કર્ણાટક ઝોન સમાજ ના જ શ્રી લાલબાગ પાટીદાર સનાતન સમાજની મહિલા મંડળ દ્વારા પોતાના જ ભવનમાં ત્રિવેણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તેમાં સૌ પ્રથમ મહિલા મંડળના મહામંત્રી મણીબેન પ્રવિણભાઈ લિંબાણીએ દીકરીઓ તથા તેમની માતાઓને સ્થાન ગ્રહણ કરાવ્યું હતું. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન જયંતિભાઈ લિંબાણીએ વડિલ મહિલાઓ સાથે દિપ પ્રાગટય કરીને સામુહિક પ્રાર્થના કરીને પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી.

તેમાં સૌ પ્રથમ આ સમાજની દશ દિકરીઓ જે આ વર્ષે પોતાના દાંપત્ય જીવનની શરૂઆત કરવા જઈ રહી છે તેવી દીકરીઓને કંકુ તિલક સાથે વધાવી હતી અને ગ્રહસ્થ જીવન વિશે સલાહ સૂચન કર્યું હતું તેમજ આશીર્વાદ નાં સોગાદ પેટે કવરમાં ભેટ આપવામાં આવેલ હતી.

ત્યારબાદ દિકરીઓએ પોતાના પિયર તથા સાસરા પક્ષનો પરિચય આપ્યો હતો અને તેમને આપેલ સન્માન તથા સૂચન બદલ મહિલા મંડળનો આભાર સાથે ખુશી વ્યક્ત કરી હતી.આવીજ રીતે આ વર્ષે આ સમાજમાં પધારેલ નવી પુત્ર વધુઓ જે અગિયારની સંખ્યા હતી તેઓનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેઓએ પણ પોતાના પિયર તથા સાસરી પક્ષનો પરિચય આપ્યો હતો અને પોતાની ભણતર તથા પોતાના હુન્નરની માહિતી આપી હતી. બપોર નો ભોજનનો સમય થવાથી સૌએ સાથે મળીને ભોજન લીધું હતું. તેમાં લગભગ પાંચસો જેવી મહિલાઓ હાજર હતી ત્યારબાદ બપોર પછીના બીજા સત્રમાં બરાબર અઢી કલાકે સમાજની બહેનો દ્વારા પોતાનું હુન્નર સંગીત ના સથવારે, નૃત્ય દ્વારા, મ્યુઝિક તથા ચિત્રકામ સાથે નાટય સ્વરૂપે આમ અલગ અલગ રીતે દિકરીના જન્મથી સાસરીએ વળાવવા સુધીના સમય ગાળા સુધીની ટોટલ નવ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી,

અને સંગીત અને નૃત્યનો ખૂબ જ આનંદ લીધો તેમજ આપ્યો હતો. આમ આ કાર્યક્રમ પૂરો થાય બાદ સમાજની વડિલ મહિલાઓ તથા પ્રમુખ દ્વારા દરેક દિકરીઓ તથા પુત્ર વધુઓ તથા દરેક બહેનોને ભલામણ કરી હતી કે આપણે બે કુળને દિપાવવા ના હોય છે માટે આપણે આપણાં પરિવારમા સૌની સાથે પ્રેમથી હળીમળીને રહેશુ તો કંકાશ થશે જ નહીં માટે અમો આપને આશિર્વાદ સાથે સૂચન આપીએ છીએ આનું આપણે પાલન કરશું તો ઘર એક મંદિર બની જશે.

સવારનું સત્રનુ સંચાલન મહિલા મંડળના મહામંત્રી મણીબેન લિંબાણીએ સંભાળેલ હતું અને બપોર પછીનું સખી મંડળના પ્રમુખ મંત્રી નેહલ તથા કરૂણાએ સંભાળ્યું હતું અને સાંજે પાંચ વાગ્યે કાર્યક્રમ પૂર્ણ થયો હતો અને સૌ હર્ષોલ્લાસ સાથે છૂટા પડ્યા હતા.

-સંયોજક : વસંતભાઈ ગોરાણી, ઉડુપી.

ડો. મૃદુલ કીર્તિ, યુએસએ દ્વારા ભારતની વસ્તી ગણતરી ૨૦૨૩ વિશે એક મહત્વપૂર્ણ વિનંતી

આ અત્યંત મહત્વપૂર્ણ છે! 2023ની ભારતીય વસ્તી ગણતરી તેના અંતિમ તબક્કામાં છે. સેન્સસ અધિકારીઓ ડેટા એકત્ર કરવા માટે ટૂંક સમયમાં તમારા ઘરે આવશે. પછી તમારી માતૃભાષા હિન્દી, ગુજરાતી, મરાઠી વગેરેને ધ્યાનમાં લીધા વિના, તમે તમારી માતૃભાષા સિવાય કેટલી ભાષાઓ જાણો છો?

આ વખતે તમે સનાતની હિંદુ હોવાને કારણે, કૃપા કરીને જણાવવાનું ભૂલશો નહીં કે તમે સંસ્કૃત જાણો છો.તમે જાણો છો તે ભાષાઓમાંથી એકમાં સંસ્કૃત લખવામાં આવે તેની ખાતરી કરો. ભલે તમે રોજ સંસ્કૃત ભાષા ન બોલતા હો. આની પાછળનો તર્ક એ છે કે દરરોજ આપણે આપણી પ્રાર્થના, મંત્રોચ્ચાર, શ્લોક, તમામ ધાર્મિક વિધિઓ ચોક્કસપણે સંસ્કૃત ભાષામાં બોલીએ છીએ.

આ રીતે દેવતાઓની ભાષા સંસ્કૃતનો ઉપયોગ શુભ અને અશુભ કાર્યોમાં થાય છે. તો આ વખતે તમે સંસ્કૃત ભાષા પણ જાણો છો અને તેને સેન્સસ ઓફિસરની પત્રિકામાં લખવી જ જોઈએ. જુઓ, આ કરવાનું ભૂલશો નહીં, કારણ છેલ્લી વસ્તી ગણતરી મુજબ સમગ્ર ભારતમાં સંસ્કૃત બોલનારાઓની સંખ્યા માત્ર બે હજાર હોવાનું કહેવાય છે. હતી. તેનાથી વિપરિત, અરબી અને ફારસી બોલનારાઓની સંખ્યા આના કરતા અનેક ગણી વધારે હતી.

આ રીતે તેમને ભાષાના વિકાસ માટે ફંડ આપવામાં આવે છે. જો આ વખતે સંસ્કૃત બોલતા અને જાણતા લોકોની સંખ્યા ઘટશે તો લુપ્ત થતી ભાષાઓની યાદીમાં સંસ્કૃત ભાષાનો ઉમેરો થશે. આવી શક્યતા પ્રવર્તી છે. સંસ્કૃત એ ભારતની સૌથી પ્રાચીન, સુંદર, દિવ્ય, ભાષા છે, આ વખતે આ દિવ્ય ભાષા સંસ્કૃતને જીવંત રાખવાની સંપૂર્ણ જવાબદારી આપણા સૌની છે. જો આપણી નાનકડી બેદરકારીને કારણે વસ્તીગણતરી અધિકારીએ સંસ્કૃતને લુપ્ત થતી ભાષાઓમાં ગણાવી હોય તો ચોક્કસ આ સંસ્કૃત ભાષાના સંવર્ધન અને વિકાસ માટે સરકાર તરફથી કોઈ ભંડોળ ઉપલબ્ધ નહીં થાય.

અને પછી આપણે સંસ્કૃતને હંમેશ માટે ગુમાવી દઈશું. તેથી, આ વખતે, વસ્તી ગણતરી પત્રકમાં સાવચેતી રાખીને, સંસ્કૃતનું નામ ઉમેરવાની ખાતરી કરો. તમારા સંનિષ્ઠ પ્રયાસોને કારણે જ સંસ્કૃતને જીવંત રાખી શકાય છે. આપણે સનાતનીઓએ આપણું જ નુકસાન કર્યું છે એ તો સૌ જાણે છે, પણ આ નુકસાન ચોક્કસપણે નફામાં પરિવર્તિત થઈ શકે છે,

હજુ મોડું નથી થયું. કૃપા કરીને તમારા પરિવારના તમામ સભ્યો, મિત્રો, સ્નેહીજનો, વેપારી જૂથોથી બનેલા ઘણા વોટ્સએપ જૂથોમાં આને શક્ય તેટલું શેર કરો અને આપણી પોતાની સંસ્કૃત ભાષાને બચાવો, જે લુપ્ત થવાના આરે પહોંચી છે.

-સંકલન : પ્રવીણ નાકરાણી, ઔરંગાબાદ.

પર્યાવરણ નું જતન અને મિશન ગ્રીન ઈન્ડિયા પ્રોજેક્ટ માયવરમ, તમિલનાડુ

રામસેતુ કાઉન્સિલ- દક્ષિણ ભારત રિજિયન - નટરાજ ડિવિઝન- માયાવરમ યુવા મંડળ દ્વારા " મિશન ગ્રીન ઇન્ડિયા- સીડ બોલ ફેસ્ટિવલ" તા.10 જુલાઈ 2022 ના રોજ માયાવરમ યુવા મંડળ દ્વારા " સીડ બોલ ફેસ્ટિવલ" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.DBR ના કૃષિ અને પર્યાવરણ થીમના ડેપ્યુટી લીડર દિલીપ ભાઈ જેઠા લીંબાણી અને માયાવરમ મંડળ ના પ્રમુખશ્રી નિલેશ ભાઈ શાંતિલાલ દિવાણી એ આ કાર્યક્રમ માં હાજર રહ્યા હતા.

ખાસ મહિલાઓ નું પણ શિડ બોલ બનાવવામાં સહયોગ લઈ ને પ્રકૃતિ સાથે નો અનુપમ લગાવનું ઉત્તમ ઉદાહરણ મયાવરમ ની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

દીપ પ્રાગટ્ય દ્વારા શરુ કરવામાં આવેલ આ કાર્યક્રમમાં ચિતંબરમ, સિરકાળી અને માયાવરમ ગામ ના ભાઈઓ, બહેનો અને બાળકો એ ભાગ લીધો હતો અને "બીજ ના દડા" બનાવવામાં સહયોગ આપ્યો હતો.કાર્યક્રમમાં લીડર દિલીપ ભાઈ લીંબાણી એ ઉપસ્થિત સર્વે ને બીજ રોપણ નું મહત્વ અને ભવિષ્ય ની પેઢી માટે તેના ફાયદા વિષયે માહિતગાર કર્યા અને નિલેશ ભાઈ દિવાણી એ સર્વે સભ્યો ને વૃક્ષ રોપણ કરવા પ્રેરિત કર્યા હતા.

સર્વે સભ્યો ગ્રીન કલર ડ્રેસ કોડ માં ઉપસ્થિત રહ્યા હતા અને આંબલી ના બીજો ને માટી સાથે મિલાવી ને 4230 "સીડ બોલ" બનાવ્યા હતા જેને આવનાર તા. 17 જુલાઈ 2022 ના યોજાનાર DBR ની વાર્ષિક સામાન્ય સભામાં સર્વે સભ્યો ને આપી સમગ્ર દક્ષિણ ભારત રિજિયનમાં હરિયાળી ની લહેર ફેલાવવા નું વિઝન બનાવ્યું છે.આવા ઉમદા વિચાર ધરાવતા માયાવરમ મંડળ ના તમામ સભ્યો ને દક્ષિણ ભારત રીજિયન ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે...

-ટીમ દક્ષિણ ભારત રીજિયન.

દુજાપર ધોળું પરિવાર દ્વારા વાછરાદાદાની પેડીની ધામધૂમથી ઉજવણી

જય વાછરા દાદાની અસીમ કૃપાથી દુજાપરના આજુબાજુના ગામડામાં આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસના પ્રતીક સમા જયવીર વાછરા દાદાની પેડીની ઉજવણી ધોળું પરિવાર દ્વારા સતત 11 મા વર્ષે કરવામાં આવી હતી.

પરિવારના અધ્યક્ષ માધા રત્ના ધોળુંના અધ્યક્ષપણા હેઠળ અષાઢી બીજની સાંજથી જ પેડીની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. અષાઢી બીજના રાત્રે ધોળું પરિવારની જનરલ સભા નું આયોજન કરવામાં આવેલ. જેમાં સૌને મણીલાલ ધોળું શિક્ષકશ્રી દ્વારા શબ્દોથી સન્માન્યા હતા. ધજાનો ચડાવો દેવભવન પરિવાર દ્વારા લેવામાં આવ્યો હતો .અષાઢી બીજના બીજે દિવસે વાજતે ગાજતે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી

ગાયોને ચારો નાખવામાં આવ્યો હતો સૌ પરિવારજનોએ સાથે મહાપ્રસાદ લીધો હતો મુંબઈ તથા સ્થાનિકના ભાઈઓએ ઉજવણીમાં જહેમત ઉઠાવી હતી .

સમગ્ર કાર્યક્રમનુ સંચાલન મણીલાલ ધોળું શિક્ષકશ્રીએ કર્યું હતું. આભાર વિધિ ઈશ્વરભાઈ ધોળું એ કરી હતી.

ધોળું પરિવાર સામજી દાદા ધાવડા મધ્યે અષાઢી બીજ ની ઉજવણી

જય સામજી દાદા, જય ઉમિયા માતાજીના આશીર્વાદથી દર વર્ષે ઉજવાતી અષાઢી બીજની ઉજવણી છેલ્લા બે વર્ષ કોરોના દરમિયાન સમૂહમાં ઉજવી શકાયેલ નહિ, પરંતુ આ વર્ષે સામજી દાદા સૂરધનની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી.

સામજી દાદા, પીપલાદ ઋષિના ધોળું પરિવારના પ્રમુખશ્રી મણિલાલ કાનજી ધોળુ લુડવાવાળાના અધ્યક્ષપણા હેઠળ દર વર્ષની જેમ સામજી દાદા સુરધનની ચડતર કરવામાં આવી હતી.

ત્યારબાદ ઉપસ્થિત તમામ પરિવારના ભાઈઓ અને બહેનોની જનરલ સભા બોલાવવામાં આવી હતી જેમાં પરિવારના મહામંત્રીશ્રી હરિલાલ નારણ ધોળું નાગલપર વાળાએ શબ્દોથી સ્વાગત કર્યુ હતું.

ત્યારબાદ ગત મીટીંગ મિનિટ્સનું વાંચન તથા હિસાબ કિતાબનું પરિવાર સમક્ષ સરવૈયું મહામંત્રીશ્રી હરિભાઈએ મૂક્યું હતું.

ત્યારબાદ ભારત વર્ષમાંથી પધારેલ તમામ ભાઈઓ બહેનો માટે ખુલ્લો મંચ રાખવામાં આવ્યો હતો જેમાં ઉપસ્થિત ભાઈઓ તથા બહેનોએ બાળકોના શિક્ષણ, સંસ્કાર અને ભણતરમાં પ્રગતિ થાય તેવા વિવિધ સૂચનો કરવામાં આવ્યા હતા.

અંદાજિત 207 જેટલી સામજી દાદાની નિયાણીઓ પણ ઉપસ્થિત રહી હતી. પરિવારના ઉપપ્રમુખશ્રી મોહન શીવજી ધોળુએ ધોળું પરિવારે વિવિધ જગ્યાએ આપેલ આર્થિક યોગદાનની વાત કરી હતી સામજી દાદા સુરધને પધારેલ તમામ પરિવારના ભાઈઓએ બપોરના સમૂહમાં મહાપ્રસાદ લીધો હતો.

ઉત્સવ સમિતિના સભ્યશ્રી રમેશભાઈ ધોળું, નરેશભાઈ ધોળું, અશ્વિનભાઈ તમામ વ્યવસ્થા સંભાળી હતી. દૂર દૂરથી પધારેલ તમામ પરિવારજનો પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો સમગ્ર કાર્યક્રમનું સંચાલન મણીલાલ ધોળું શિક્ષકશ્રીએ કર્યું હતું અને આભાર વિધિ અશોક ધોળું એ કરી હતી.

-સંયોજક : મણીલાલ ધોળું,

શ્રદ્ધાંજલિ



સ્વ. ગંગાબેન શામજીભાઈ દિવાણી

તા.: ૧૧–૭–૨૦૨૨, વાર : સોમવાર, ઉંમર : ૮૯

કચ્છમાં : વિરાણી મોટી

આજ રોજ પ્રભુ શરણ પામ્યા છે.
જન્મ અને મૃત્યુ કુદરતનો નિયમ છે. પરંતુ કયાં
ખબર હતી. અણધારી વિદાય લેશો, તમારો હસમુખો, સરળ
અને પ્રેમાળ સ્વભાવ તથા પરિવાર પ્રત્યેની લાગણી
અમોને જીવનભર ભુલાશે નહિ. પરમ
કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અને મોક્ષ આપે એજ અંતઃકરણની પ્રાર્થના.
ૐ શાંતિ શાંતિ શાંતિ ...

સબંધિત ફર્મ:

K.G.Patel & Co.
Bow Bazar,Hajra

શોકાતુર

પ્રવિણભાઈ શામજીભાઈ દીવાણી 98302 35805

હસમુખભાઈ શામજીભાઈ દીવાણી 79804 78446

અવસાન નોંધ

તા. 10–7–2022 સ્વ.ભાવનાબેન બાબુભાઈ દિવાણી ઉંમર : 53 વર્ષ કચ્છ માં ગામ ટોડિયા હાલે કોઈમ્બતુર, તામિલનાડુ	તા. 11–7–2022 સ્વ.કાંતિભાઈ ગોવિંદભાઈ પોકાર ઉંમર : 68 વર્ષ કચ્છ માં ગામ વેરશલપર હાલે અમરોલી, સુરત
તા. 11–7–2022 સ્વ.ગંગાબેન શામજીભાઈ દિવાણી ઉંમર : 85 વર્ષ કચ્છ માં ગામ વિરાણી મોટી હાલે હાજરા	તા. 11–7–2022 સ્વ.મણીબેન અર્જુનભાઈ ખેતાણી ઉંમર : 93 વર્ષ કચ્છ માં ગામ : કોટડા (જા.) હાલે : ઈન્દોર (MP)

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA — Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA — Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU — Vivekbhai - Mo. + 91 98843 12266, Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH — Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205